હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



પ્રભુ...વાનરો પુછે છએ કે આપણી સેનામાં અગ્નિવિર સ્કીમ લાવવાના છો...!!

પેથાપુર બંસરીગ્રીનમાં ગરબા કલાસ શરુ કરવા માટે માથાકુટ

સોસાયટીના ચેરમેનની ફેંટ પકડી ટી-શર્ટ ફાડી નાંખી, સામસામે ફરીયાદ

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર નજીક પેથાપુર બંસરીગ્રીન સોસાયટીના ધાબા તેમજ ઘરમાં રાસ-ગરબા કલાસ શરુ કરવાની સોસાયટીના હોદેદારોએ પરવાનગી આપવાની ના પાડતા હોબાળો થયો હતો. જેને પગલે મહિલાએ સોસાયટીના ચેરમેનની ફેંટ પકડી લઈ ટી-શર્ટ ફાડી નાંખતા સામસામે મારામારી થતા સમગ્ર મામલો પેથાપુર પોલીસ મથકે પહોંચ્યો છે. પોલીસે બંને પક્ષે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પેથાપુર ચાર રસ્તા પાસે આવેલી બંસરી ગ્રીન સોસાયટીના ચેરમેન કિરીટ પટેલે નોંધાવેલી ફરીયાદ મુજબ પખવાડીયા પહેલા સોસાયટીમાં રહેતા નિતિન જોશીએ દિકરીને ધાબા પર રાસ-ગરબા કલાસ શરુ કરવા માટે પરમિશન માંગવામાં આવી હતી.ત્યારબાદ સોસાયટીના સભ્યો સાથે બેઠક યોજાઈ હતી, જેમાં રાસ-ગરબા કલાસની પરવાનગી નકારી દેવાઈ હતી. જેની જાણ ગઈકાલે નિતિનભાઈને કરવામાં આવી હતી. ત્યારપછી નિતિનભાઈ ઘરે જતા રહ્યા હતા. રાત્રીના સાડા દશ વાગ્યાના અરસામાં નિતિનભાઈ તેમની પત્નિ મીતાબેન, રાકેશ પટેલ, અને તેની પત્ની મીતાલીબેને ચેરમેનની ફેંટ પકડી લઈ ટી-શર્ટ ફાડી નાંખી હતી. ચારેય જણા ચેરમેનને માર મારતા હોહા થતા ચેરમેનના બહેન વિમળાબેન દોડી આવીને તેમના ભાઈને વધુ મારમાંથી છોડાવ્યો હતો. ત્યારે મીતાલીબેનની ફરીયાદ મુજબ નિતિન જોશીએ દિકરીને રાસ-ગરબા કલાસ શરુ કરવા માટે પરવાનગી માંગી હતી. જે સોસાયટીના ચેરમેન સહિતના હોદેદારોએ ના પાડતા વાતચીત માટે નીચે ગયા હતા. ચેરમેન કિરીટ પટેલે ધાબા પર કલાસ કરવાની ના પાડતા મીતાલીબેને ઘરમાં કલાસ શરુ કરવાની વાત કરી હતી. જેથી ચેરમેન અને તેમના બહેને ગાળાગાળી કરી ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી હતી. ત્યારે સમગ્ર મુદ્દે પેથાપુર પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ખૂણેખાંચરેથી

● ગાંધીનગર મનપાના કમિશનર ડૉ. ધવલ પટેલનો આજે જન્મ દિવસ હતો. મનપામાં કર્મચારીઓએ કેક કાપી તેમના જન્મદિવસની ઉજવણી કરી હતી.

● મનપામાં સ્થાયી સમિતિની બેઠક બાદ પત્રકારોની સાથે વાતચીત દરમ્યાન ચેરમેન જસવંતભાઈ પટેલે બધાને આઈસક્રીમ ખવડાવ્યો હતો.

● ગાંધીનગર મનપામાં બે સબઓડિટરને ઓડિટર તરીકે અને પાંચને ટેક્ષ ઈન્સ્પેક્ટર તરીકે બઢતી આપવામાં આવી છે.

● ગાંધીનગર જિલ્લા પંચાયતમાં ખેતી અધિકારી તરીકે ફરજો બજાવતા ચંદનસિંહ ઠાકોર સહિત ૧૬૦ જેટલા અધિકારીઓની બદલીના હુકમો સરકારના કૃષિ વિભાગે કર્યા છે.

● ગાંધીનગરમાં આજે વિવિધ સરકારી કચેરીઓમાં મુલાકાતીઓની સંખ્યા બહુ જ ઓછી જણાઈ હતી.

● રાજ્યના આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવે આજે જિલ્લાના તંત્રો સાથે વિડીયો કોન્ફરન્સ કરી કોરોનાની સ્થિતિ અંગે સમીક્ષા કરી હતી.

● જિલ્લાના ઈન્ચાર્જ મુખ્ય આરોગ્ય અધિકારી ડૉ. ગૌત્તમ નાયકે જિલ્લાના તબીબો સાથે કોરોનાની, વેક્સિનેશનની તેમજ વંદે ગુજરાતને લઈ ગુગલ મીટ યોજી સમીક્ષા કરી હતી.

● આજે આંતરરાષ્ટ્રીય પ્લાસ્ટીકમુક્ત દિવસ છે.

● ત્રીજીથી ૬ઠ્ઠી જુલાઈ સુધી જિલ્લામાં હળવાથી મધ્યમ વરસાદનું હવામાન પૂર્વાનુમાન છે. દાંતીવાડા કૃષિ યુનિ.ના બુલેટીનમાં જણાવ્યા પ્રમાણે મહત્તમ તાપમાન ૩૩-૩૭ ડિગ્રી સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૪-૨૭ ડિગ્રી સે. રહેશે. પવનની સરેરાશ ગતિ ૧૬ થી ૨૦ કિ.મી. પ્રતિ કલાક રહેવાની શક્યતા છે.

● સમર્પણ મુક-બધિર સંસ્થાના ઉપમાં વર્ષની ઉજવણી આજે પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી નિશીત વ્યાસ અને અન્ય આગેવાનોની હાજરીમાં કરાઈ હતી.

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી તથા ગાંધીનગરના સાંસદ અમિતભાઈ શાહ એ ગાંધીનગર જિલ્લામાં ૨૧૦ કરોડના વિકાસ કામોના ખાતમુહૂર્ત માટે તાજેતરમાં ગાંધીનગરની મુલાકાત લીધી, ત્યારે મનપા વોર્ડ નંબર ૮ ના કાર્યશીલ નગરસેવિકા છાયાબેન ત્રિવેદીએ અમિતભાઈ શાહનું હુંફાળુ સ્વાગત કર્યું હતું.

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી તથા ગાંધીનગરના સાંસદ અમિતભાઈ શાહ એ ગાંધીનગર જિલ્લામાં ૨૧૦ કરોડના વિકાસ કામોના ખાતમુહૂર્ત માટે તાજેતરમાં ગાંધીનગરની મુલાકાત લીધી, ત્યારે મનપા વોર્ડ નંબર ૫ ના કાર્યશીલ નગરસેવિકા હેમાબેન ભટ્ટ એ અમિતભાઈ શાહનું ફૂલોથી સ્વાગત કર્યું હતું.

અડાલજ થી પાલનપુરની બસમાં બેસવા જતા મહિલાનું પાકિટ ચોરાયું

ગાંધીનગર, તા.૨

અડાલજ પીકઅપ બસ સ્ટેન્ડથી પાલનપુરની બસમાં બેસવા જતા સમયે ભીડનો લાભ લઈ મહિલાની હાથમાં રહેલી બેગમાંથી કાળા કલરનું પાકીટ ગઠીયો ઉઠાવી ગયો હતો. જેમાં આધારકાર્ડ, એટીએમકાર્ડ, વીવો કંપનીનો મોબાઈલ ફોન, તેમજ રોકડ રૂ.૪૦૦ મળી કુલ રૂ. ૧૨,૪૦૦ ની મત્તા ચોર શખ્સ ચોરી કરી લઈ જતા અડાલજ પોલીસ મથકે ગુનો નોંધાયો છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગોતા ચોકડી પાસે રોયલ હોમ્સ બી.૪૦૨ ખાતે રહેતા છાયાબેન હરીશકુમાર બારોટ (ઉં.૫૪) ગઈકાલે બપોરના સાડાત્રણ વાગે ઘરેથી પાલનપુર જવા માટે નીકળ્યા હતા. ગોતા થી રીક્ષામાં બેસી અડાલજ પીકઅપ બસ સ્ટેન્ડ આવ્યા હતા. રીક્ષા ચાલકને પૈસા આપી બસ સ્ટેન્ડ આવતા જ પોણા ચાર વાગે પાલનપુર જવાની બસ આવતા મહિલા બસમાં બેસી ગયા હતા. મહિલા બસમાં બેઠા તે સમયે કેસરી અને વાદળી કલરની ખુલ્લી બેગ હતી. બસમાં બેઠા તે સમયે ખુબ મુસાફરોની ભીડ હતી. તે સમયે ગઠીયો મહિલાની બેગમાંથી પાકીટ ઉઠાવી ગયો હતો. કંડકટર ટીકીટ માટે આવતા મહિલા થેલીમાંથી પાકીટ કાઢવા જતા પાકીટ જણાયું ન હતું. જયારે પાકીટમાં રોકડા રૂ.૪૦૦, આધારકાર્ડ, એટીએમ કાર્ડ, મોબાઈલ ફોન મળી કુલ રૂ.૧૨,૪૦૦ ની મત્તા લઈ ગઠીયો રફુચક્કર થઈ જતા મહિલાએ અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે. ઉલ્લેખયની છે કે ગાંધીનગર ડેપોમાં પણ છેલ્લા કેટલાક સમયથી મુસાફરોના ખીસ્સા હળવા થવાના કિસ્સા આંતરે દિવસે બને છે. ત્યારે ચોર ટોળકી અડાલજ વિસ્તારમાં પણ સક્રિય થઈ હોય તેમ લાગી રહ્યું છે. અડાલજ મહેસાણા પીકઅપ બસ સ્ટેન્ડ વિસ્તારમાં પણ બસમાં બેસવા જતા ભીડ હોવાથી મુસાફરોના ખીસ્સા હળવા થઈ જાય છે.

સરગાસણની યુવતિને દહેજની માંગ કરી ત્રાસ આપતા સાસરીયાઓ સામે ફરીયાદ

ગાંધીનગર, તા.૨

સરગાસણ વિસ્તારની યુવતિએ દહેજની માંગણી કરીને ત્રાસ આપતા સાસરીયાઓ સામે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

સાસરીયાઓ દિકરો જ જોઈએ, દિકરી થઈ તો ઘરની બહાર કાઢી મુકવાની ધમકી આપી ત્રાસ આપી મારઝુડ કરતા હતા.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ઈન્ફોસીટી પોલીસ મથકે સરગાસણ વિસ્તારમાં રહેતી યુવતિએ ફરીયાદ નોંધાવી છે કે મારા માસાએ મારા લગ્ન તેમના સંબંધી ગૌતમ રાયચંદ ખંડેલવાલ સાથે કરાવ્યા હતા. જે તે સમયે પતિ કપડાની દુકાનમાં નોકરી કરે છે અને એલઆઈસી એજન્ટ તરીકે કામ કરે છે, તેમ કહ્યું હતું.ત્યારપછી તેણીના લગ્ન જુન વર્ષ૨૦૧૭માં થયા હતા. દોઢ માસ સુધી પરિણિતાને સારી રીતે રાખી હતી.ત્યારબાદ જેઠાણીએ ભાડાના મકાનમાં રહીએ છીએ કહીને યુવતિના પિતાએ આપેલા ૧૦ તોલા સોનાના અને ૫૧ તોલા ચાંદીના દાગીના લઈ લીધા હતા. ત્યારબાદ યુવતિ પ્રેગ્નન્ટ થતા મને છોકરો જોઈએ, દિકરી થશે તો ઘરની બહાર કાઢી મુકીશ કહીને દબાણ કરી રહ્યા હતા. સાસરીવાળા મારી સાથે મારઝુડ કરતા હતા. પતિ સાથે ફોન પર વાત કરવાનો પ્રયત્ન કરતી હતી તો તેના જેઠાણી કહેતા કે જો તારા પતિ સાથે સંપર્ક કરવો હોય તો રૂપીયા આપવા પડશે. યુવતિનો ભાઈ મૈસુર મુકવા માટે ગયો હતો, તો ભાઈ-બહેન બંન્ને અંદર પણ પ્રવેશ આપ્યો ન હતો. ભાડાના મકાનમાં સુવિધાઓથી દુર રાખવામાં આવતી હતી. પતિ અમદાવાદ આવ્યા પછી પણ રૂપીયાની માંગ કરી રહ્યો હતો.

આખરે પતિ ગૌતમ ખંડેલવાલ, શાંતિલાલ ખંડેલવાલ, અને લલિતાદેવી ખંડેલવાલ સામે ફરીયાદ નોંધાઈ છે.

હિમાલય આયુર્વેદ મહવિદ્યાલય તથા ભાજપ ડૉક્ટર સેલ ગુજરાત દ્વારા ૧૦૦૮ બાળકોને સુવર્ણપ્રાસન કરાવી વર્લ્ડ રેકોર્ડ સર્જયો

ગાંધીનગર, તા.૨

વર્લ્ડ ડૉક્ટર ડીને હિમાલય આયુર્વેદ ચિકિત્સાલય મહાવિદ્યાલય, વડસ્મા તથા ભારતીય જનતા પાર્ટી ગુજરાતના ડૉક્ટર સેલ દ્વારા ૧૦૦૮ નાના બાઈકોને પુષ્યામૃત યોગમાં ચરકસંહિતા પધ્ધતિથી સુવર્ણપ્રાસન કરાવી વર્લ્ડ રેકોર્ડ સર્જયો છે.

વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ, લંડન, ગુજરાતનાં અધ્યક્ષ ડૉ. અશ્વિન ત્રિવેદી, એડવોકેટ દ્વારા વર્લ્ડ રેકોર્ડનું પ્રોવિઝનલ સર્ટીફીકેટ સંસ્થાનાં ટ્રસ્ટી ડૉ. ભરતભાઈ રાવ તથા ભાજપ ડૉક્ટર સેલનાં ડૉ. ધર્મેન્દ્ર ગઢ્ઢર, ડૉ. શિરિશ ભટ્ટ ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ મહાસંઠન મહામંત્રી રત્નાકરજી, તેમજ સાંસદ શારદાબેન પટેલ, તથા સાંસદ જુગલકિશોર ઠાકોર, તથા ભાજપ મહિલા મોરચાનાં ઉપાધ્યક્ષ ડૉ. શ્રધ્ધાબેન રાજપૂત તથા પૂર્વે પોલીસ અધિકારી તરૂણ બારોટની પ્રેરક ઉપસ્થિતિમાં આપવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ગુજરાતનાં એમ.ડી. પ્રતિમાબેન રાવ દ્વારા કરવામાં આવેલા હતા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા ભાજપ ડૉક્ટર સેલનાં ડૉ ભૂનેશ રાવલ, ડૉ. હસમુખ પટેલ, તથા સંસ્થાનાં ટ્રસ્ટી હિમાલય રાવે ભારે જહેમત

નામાંકિત આયુર્વેદાચાર્યે વૈધોનું પણ ઉપસ્થિત મહેમાન તથા પદ્મશ્રી ડૉ. સુધિર શાહનાં હસ્તે તેમજ સંસ્થાનાં ચેરમેન સવીતાબા તેમજ ઉઠાવી હતી. વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ લંડનનાં ચેરમેન વિલીયમ ચેજલર, તથા ભારતના અધ્યક્ષ સંતોષ શુકલાએ શુભેચ્છા પાઠવી હતી.

ગાંધીનગર દક્ષિણ વિધાનસભાના મતક્ષેત્રમાં મેદરા ગામથી એણાસણ સુધી રસ્તાના રીસરફેસીંગના કામની કામગીરીનો પ્રારંભ ગાંધીનગર દક્ષિણ વિધાનસભાના ધારાસભ્ય શંભુજી ઠાકોરના હસ્તે કરવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.



સૌની સુખાકારી અને સૌના કલ્યાણના ભાગરૂપે ગાંધીનગર દક્ષિણ વિધાનસભા મતક્ષેત્રનાં ડભોડા ગામ મુકામે હોડકા ના પરા વિસ્તાર માં પીવાના પાણીનો નવીન બોર નું ઉદ્ઘાટન કરાયું છે જેના થકી ગામની જનતાને પીવાના પાણીની સમસ્યાનું નિરાકરણ આવશે. જેમાં ગાંધીનગર દક્ષિણ વિધાનસભાના ધારાસભ્ય શંભુજી ઠાકોર, લલિતસિંહ અને ગામનાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

તારે અહીથી નીકળવાનું નહી કહી કોલવડાના શખ્સે ખેત-મજુરને માર માર્યો

ગાંધીનગર, તા.૨

કોલવડા ગામે ગતરોજ સાંજના સુમારે આદરજમાં ખેતરમાં રહેતા શખ્સ પર તારે અહીંથી નીકળવાનું નહી કહીને કોલવડાના અરવિંદજી ભલાજી ઠાકોરે લાકડી વડે હુમલો કરી શરીરે તેમજ જમણા હાથે અને પગે માર માર્યો હતો. ત્યારબાદ ઈજાગ્રસ્ત શખ્સને સારવાર માટે ગાંધીનગર સિવિલ ખસેડાતા ફેકચરનું નિદાન થયું હતું. બનાવ અંગે ગુનો નોંધી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મોટી આદરજ ગામે અશ્વિનભાઈ નારણભાઈ પટેલના બોરકુવા પર છેલ્લા સાત વર્ષથી હીરાભાઈ જીવાભાઈ ભગોરા પત્ની, બે દિકરા અને એક દિકરી સહિતના પરિવાર સાથે રહે છે. ગતરોજ સાંજના સાડા છ વાગે કોલવડા ગામ જવા માટે હીરાભાઈએ ખેતરમાલિક અશ્વિનભાઈનું ઈલેકટ્રીક વાહન લઈને દુધ ભરાવવા માટે ગયા હતા. તે સમયે અરવિંદજી ભલાજી ઠાકોરના મકાન પાસે પહોંચતા તેઓ આવીને વાહન રોકી હીરાભાઈને કહેવા લાગ્યા કે તારી અહીંયા થી નહી નીકળવાનું કહીને જુના ઝઘડાની અદાવત રાખી લાકડી વડે માર મારવા લાગ્યા હતા.તે સમયે અરવિંદજીની પત્ની પણ આવીને મુઢ માર મારવા લાગી હતી. ત્યારબાદ ઉશ્કેરાઈ ગયેલા અરવિંદજીએ ઈલેકટ્રીક વાહનમાં પણ તોડફોડ કરી ને હીરાભાઈને શરીરે તેમજ જમણા હાથે પગે લાકડીઓ મારતા ઈજા પહોંચી હતી.

ત્યારબાદ હીરાભાઈ વાહન લઈને આદરજ ગામે બોરકુવા પર પહોંચી ગયા હતા. શેઠને જાણ કરતા તેઓએ અન્ય ભાઈને ગાડી સાથે મોકલી આપ્યા હતા. જેઓ ગાડીમાં સારવાર માટે સિવિલ લઈ ગયા હતા. જયાં ડોકટર દ્વારા તપાસ કરવામાં આવતા જમણા પગે ફેકચરનું નિદાન થયું હતું. બનાવ અંગે પેથાપુર પોલીસ મથકે ગુનો નોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન દ્વારા કાર્યશાળાનું આયોજન

ગાંધીનગર, તા.૨

માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન દ્વારા ભાષા સજજતા, ભાષા સંરક્ષણ અને ભાષા સંવર્ધન આ ત્રિવિધ આયામને બળવત્તર બનાવવા માટે વિવિધ પ્રયોગો અને કાર્યક્રમો કરવામાં આવે છે. તે અન્વયે જ દરેક માસના પ્રથમ રવિવારે એક કાર્યશાળાનુ આયોજન કરવામાં આવે છે. આ વખતની કાર્યશાળાનો મુખ્ય વિષય 'જોડાક્ષર વિચાર' રહેશે. વિષય નિષ્ણાત તરીકે માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાનના ઉપાધ્યક્ષ હર્ષદભાઈ શાહનો લાભ મળશે. કાર્યશાળા સ્વામિનારાયણ શિશુ વિદ્યાલય, સેક્ટર : ૨૨ના હોલમાં બપોરે ૪થી ૬ દરમિયાન યોજાશે. નગરના સહુ ભાષાપ્રેમીઓને આ કાર્યશાળામાં આવવાનું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

જાહેર નિવિદા

નર્મદા જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના વિભાગનાં ઉપયોગ સારૂ કરાર થયા તારીખથી એક વર્ષ સુધી વિભાગના પ્રિન્ટરોની કાર્ટિઝ રિફીલીંગ (સ્પેર પાર્ટ્સ સહિત)ની કામગીરી કરવાની સેવાઓ માટે રસ ધરાવતી સંસ્થાઓ / જાહેર પેઢીઓ પાસેથી કાર્ટિઝ રિફીલીંગ (સ્પેર પાર્ટસ સહિત)ની સેવાઓ માટે સીલબંધ કવરમાં ભાવો મંગાવવામાં આવે છે. આ કામગીરી અંગેની શરતો અને બોલીઓ / સુચનાઓ, ભાવપત્રકનો નમુનો આ જાહેરાત પ્રસિદ્ધ થયાના દિવસથી ફ-૧ શાખા, પમો માળ, બ્લોક નં.૯, નર્મદા જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર ખાતેથી કચેરી સમય દરમિયાન મળી રહેશે. આ શરતો અને સુચનાઓ મુજબનાં જે તે ભાવપત્રકો જાહેરાત પ્રસિદ્ધ થયાના દિન-૧૦માં (જાહેર રજા સાથે) ઉપસચિવશ્રી (મહેકમ), નર્મદા જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, બ્લોક નં.૯, પમો માળ, સચિવાલય, ગાંધીનગરને વિભાગની રજીસ્ટ્રી શાખા મારફતે મળી જાય તે રીતે બંધ કવરમાં મોકલી આપવાના રહેશે. ત્યારબાદ મળેલ ભાવો વિચારણામાં લેવામાં આવશે નહીં.

સહી/-
ઉપસચિવ
નર્મદા, જળસંપત્તિ પાણી પુરવઠા
અને કલ્પસર વિભાગ

માહિતી/૭૭૨/૨૨-૨૩

ગાંધીનગર મહાનગરપાલિકાના વોર્ડ નં. ૯ હેઠળ આવતા કુડાસણ વિસ્તાર ખાતે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે મેયર હિતેશ મકવાણા, ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટેન્ડીંગ કમિટિના ચેરમેન જશુભાઈ પટેલ, વોર્ડ નં. ૯ ના કોર્પોરેટર શૈલાબેન ત્રિવેદી, સંકેતભાઈ, બ્રહ્મસમાજના પ્રમુખ સુનીલભાઈ ત્રિવેદી, એસ.એમ.સી. મોરચાના મંત્રી અમૃતભાઈ અને અન્ય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી.એડ. કોલેજોમાં આવકારોત્સવ યોજાયો

ગાંધીનગર, તા.૨

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઓફ એજ્યુકેશનની એસ. એસ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન અને આર. એચ. પટેલ ઈંગ્લીશ મીડિયમ બી.એડ. કોલેજ, સેક્ટર-૨૩, ગાંધીનગરમાં પ્રવેશ મેળવનાર તાલીમાર્થીઓનું સ્વાગત કરવા માટે તા.૦૧/૦૭/૨૦૨૨ના રોજ આવકારોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રવેશ પામેલા તાલીમાર્થીઓને કંકુ તિલક કરી, ગુલાબના પુષ્પો આપી મોહું મીઠું કરાવી મંગલમય પ્રાર્થનાથી કાર્યક્રમનો આરંભ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમના આરંભે ફેકલ્ટી ઓફ એજ્યુકેશનના ડીન પ્રો.વીણાબેન પટેલે મહેમાનશ્રીનો શાબ્દિક પરિચય આપી તાલીમાર્થીઓને વર્ષ દરમ્યાન આપવાની ટ્રેનીંગ,ટીચીંગ સ્કીલ,મેથડનો અભ્યાસ તેમજ વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ દ્વારા તાલીમાર્થીઓને કેવી રીતે તૈયાર કરવામાં આવેછે તેની માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા SVKMના કેમ્પસ ડાયરેક્ટર ડૉ.કેયુરભાઈ શાહે શિક્ષકો પાસે રાખવામાં આવતી અપેક્ષાઓ વિશે વાત કરી સુંદર તાલીમ મેળવવા માટે જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં તાલીમાર્થીઓના વાલીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે ડૉ.કુસુમબેન યાદવે ઉપસ્થિત સર્વેનો સંસ્થા પરિવાર વતી આભાર માન્યો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રા.પ્રતિભાબેન દિક્ષિત તથા પ્રા.કાજલબેન ગઢ્ઢરે કર્યું હતું તથા કાર્યક્રમનું સંચાલન ડૉ.તૃમિબેન ઠાકરે કર્યું હતું.

જાહેર નિવિદા

ટોયોટા ઈનોવા 2.7 V ગાડી નં. જીજે/૧૮/જીબી/૯૯૨૭ (ડીઝલ) મોડેલ-૨૦૧૫ જ્યાં છે ત્યાં અને તેવી હાલતમાં જાહેર હરાજીથી વેચવાની છે. તા. ૫/૭/૨૦૨૨ના રોજ કચેરી સમયમાં પ્રશ્ન હેઠળના વાહનને જોવા માટે સેક્શન અધિકારી, (મ-શાખા) સામાન્ય વહીવટ વિભાગ / આયોજન પ્રભાગ, બ્લોક નં. ૭/૪થો માળ, સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગરનો સંપર્ક કરવાથી બ્લોક નં. ૭, સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગરની સામે રાખેલ વાહન જોઈ શકાશે. ભાવપત્રકો તા. ૧૪/૭/૨૦૨૨ સુધીમાં સીલબંધ કવરમાં રજી.એ.ડી.થી અથવા રૂબરૂમાં કવર ઉપર 'વાહન વેચાણના ભાવ' એમ દર્શાવીને નીચેના સરનામે મળે તેમ મોકલવાના રહેશે. સીલબંધ કવરમાં મળેલ ભાવપત્રકો અત્રે આયોજન પ્રભાગમાં રચવામાં આવનાર સમિતિના સભ્યોની હાજરીમાં તા. ૨૧/૭/૨૦૨૨ના રોજ બપોરે ૧૨-૦૦ કલાકે નાયબ સચિવશ્રી (આયોજન) સા.વ.વિ. / આયોજન પ્રભાગની ચેમ્બરમાં ખોલવામાં આવશે. મહત્તમ ભાવપત્રક સ્વીકારવા કે કેમ, તેની સત્તા સક્ષમ અધિકારીને રહેશે. જે પાર્ટીનું ભાવપત્રક સ્વીકારવામાં આવશે તે પાર્ટીએ દર્શાવેલ ભાવપત્રક મુજબની ૨કમ તથા તે ઉપર સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર ચૂકવવાપાત્ર થતો વાણિજ્યવેરો ભરવાનો તેમજ સદરહુ ગાડીનો નવેસરથી વીમો લેવાનો રહેશે. તળિયાની કિંમત રૂ. ૨,૧૦,૦૦૦/- (અંકે રૂપિયા બે લાખ દસ હજાર પૂરા) છે.

પી.ડી. ગાંધર્વ
સેક્શન અધિકારી, (મ-શાખા)
સામાન્ય વહીવટ વિભાગ / આયોજન પ્રભાગ,
બ્લોક નં. ૭/૪થો માળ, સરદાર ભવન,
સચિવાલય, ગાંધીનગર

માહિતી/૭૮૭/૨૨-૨૩